# મુન્શી મનુબરવાલા



## સમાજસેવાની સુવાસ

# Founding Trustees
# of Munshi Manubarwala Memorial Charitable Trust



Late Daud
Munshi



Late A. Rahim
Munshi



Late Mohamed
Munshi



Dilaver Valli



Late Bashir Chokiwala

## મુન્શી વિદ્યાધામ



# મુન્શી મનુબરવાલા:

## એક કૌટુંબિક ગાથા

જૂન ૨૦૧૯

સંપાદકો:
આદમ ઘોડીવાલા ● યાકૂબ મેન્ક

પ્રકાશક:
Friends of Mohamed Munshi in partnership with Munshi Vidyadham (MMMCT) and Vahora Voice UK (VVUK)

# અનુક્રમ


૧. મુન્શી મનુબરવાલા: સંસ્કાર-સાહસ-સેવા

૨. દાઉદ મુન્શી

૩. અબ્દુર્રહીમ મુન્શી

૪. મોહમ્મદ મુન્શી

- કૌટુંબિક સંસ્કાર
- શિક્ષણ
- પરદેશગમન
- આફ્રિકામાં ઊથલપાથલ
- વિલાયતમાં વસવાટ
- સમાજસેવાની ધૂણી
- સેવાપરાયણતા
- વારસો
- દિલની વાત

૫. પરિશિષ્ટ

- મુન્શી મનુબરવાલા: વંશવૃક્ષ
- મોહમ્મદ મુન્શી: પરિચિતોની દૃષ્ટિએ

# ૧. મુન્શી મનુબરવાલા: સંસ્કાર-સાહસ-સેવા

ભરૂચી વહોરા સમાજમાં મુન્શી મનુબરવાલાનું નામ સખાવત અને સમાજસેવાનો પર્યાય ગણાય છે. નિરાધાર, નિ:સહાય વ્યક્તિઓને સધિયારો; ગરીબ કુટુંબોને ખાધાખોરાકી, કપડાંલત્તાં, રહેઠાણો; કુદરતી કે માનવસર્જિત આફતો ટાણે રાહતસામગ્રી; સમાજસેવામાં પ્રવૃત્ત સંસ્થાઓને નાણાકીય સહાય - આમ વિવિધ રીતે મુન્શી પરિવાર તરફથી દાનનો પ્રવાહ અવિરત વહે છે. આ ઉપરાંત મુન્શી ચૅરિટેબલ ટ્રસ્ટે અનેક સંસ્થાઓનું નિર્માણ કર્યું છે અને સામાજિક હિતાર્થે તેનો નિભાવ કરે છે. સમાજની સુખાકારી માટેની આવી નિસબત અને સમાજ કલ્યાણની આ ખેવના આપણા સમાજ માટે આશીર્વાદરૂપ છે.

આ મુન્શી પરિવારની કુળકથા સાચેજ રોમાંચક અને પ્રેરણાદાયી છે. કુટુંબના સંસ્કારો પામેલ મુન્શી પરિવારના સપૂતોએ દૂરદેશાવરમાં સાહસ ખેડી, પરિશ્રમ કરી અઢળક કમાણી કરી અને તેનો સમાજના કલ્યાણ માટે સદુપયોગ કર્યો. મુન્શીનું મૂળ વતન મનુબર. ભારતના ગુજરાત રાજ્યના ભરૂચ જિલ્લાનું છેવાડાનું ગામ. આ ગામના અદના આદમીએ પ્રતિકૂળ સંજોગોમાં આફ્રિકામાં વેપારવણજનાં ઉચ્ચ શિખરો કઇ રીતે સર કર્યાં અને આફ્રિકા, ભારત તથા બ્રિટનમાં સેવાની કેવી સુવાસ ફેલાવી - તેનું આ વૃત્તાંત છે.

આ કથાનો આરંભ તો મનુબર ગામના એક સામાન્ય, impoverished- દરિદ્ર કુટુંબથી થાય છે. જનાબ અહમદ મુન્શી ગામની પ્રાથમિક શાળામાં આચાર્ય (તેથી કુટુંબની અટક મુન્શી). તે સમયે માસિક પગાર પંદર રૂપિયા. ઘરખર્ચને પહોંચી વળવા તેમનાં પત્ની અમીનાબેન ખેતમજૂરી કરે. અહમદભાઇની જીવનશૈલી સાદગીપૂર્ણ અને પ્રામાણિક. આર્થિક સ્થિતિ સામાન્ય છતાં ગામમાં તેમનું સ્થાન મોભાદાર અને સન્માન્ય. ગ્રામજનો તેમની સાથે આદરપૂર્વક વર્તે અને આગેવાનો તેમનાં સલાહસૂચનો માન્ય રાખે. પ્રાથમિક શિક્ષક તરીકે એમની કર્તવ્યનિષ્ઠા પણ આદરપાત્ર. એમના તે સમયના વિદ્યાર્થી સૂફી મનુબરી મુન્શી સાહેબના વ્યક્તિત્વનું વર્ણન કરતાં કહે છે કે, સાદો, સ્વચ્છ પોશાક અને વિવેકપૂર્ણ વાણીવર્તન. દરેક સાથે નમ્રતાથી વાત કરે, અને વર્ગમાં દરેક વિષયનું શિક્ષણ આપવામાં નિષ્ણાંત. સૂફી મનુબરીને સ્મરણ છે કે, મુન્શી સાહેબ આચાર્ય તરીકે ફરજ બજાવવા ઉપરાંત ગામના આગેવાનો સાથે ગામનાં વિકાસ કાર્યોની ચર્ચા ઉલટભેર કરતા.

અહમદભાઇના ત્રણ પુત્રો. દાઉદભાઇ, અબ્દુર્રહીમ અને મોહમ્મદભાઇ. આ પુત્રોએ પિતાના સંસ્કાર ઝીલ્યા અને તેમના મૂલ્યોને આત્મસાત્ કર્યાં. કઠોર પરિશ્રમથી આર્થિક, સામાજિક સિદ્ધિ પ્રાપ્ત કરી, કુટુંબની પ્રતિષ્ઠા વધારી અને એની કીર્તિ ચોમેર ફેલાવી.

ભરૂચી વહોરા પટેલ સમાજમાં મુન્શી મનુબરવાલાનું જે આદરભર્યું સ્થાન છે તેને ઉજાગર કરવા માટે આ કુળકથા પ્રસ્તુત કરીએ છીએ. એથીય વિશેષ તો સંસ્કાર, સાહસ અને સેવાની આ કથામાંથી પ્રેરણા લઇ આપણી યુવાપેઢી સંસ્કારી, સાહસિક અને સેવાભાવી બનશે એવી અપેક્ષા પણ છે. આમ, આ પુસ્તિકા માત્ર મુન્શી ભાઈઓનું જીવનવૃત્તાંત જ નથી, એ ખલ્કની ખિદમત કરનારી, સમાજની હિતચિંતક અને માનવકલ્યાણ માટે ઝઝૂમનારી વ્યક્તિઓની ચેતનાનો આલેખ છે.

નોંધ:

દિલાવરભાઇ દશાનવાલાના સૂચનથી આ પુસ્તકની રૂપરેખા ૨૦૧૬ના આરંભે તૈયાર થયેલી. મોહમ્મદભાઇ મુન્શી સમક્ષ આ પ્રસ્તાવ મૂકાયો ત્યારે તેઓ સંમત થયેલા. હસ્તપ્રત માટે ખૂટતી વિગતો પણ એમણે આપેલી. ગુજરાતી-અંગ્રેજીની હસ્તપ્રતો તેઓ રસપૂર્વક વાંચી ગયેલા અને લખાણ બાબત સંતોષ અને રાજીપો વ્યક્ત કરેલો. પણ એમના નમ્ર, નિખાલસ અને સંકોચશીલ સ્વભાવને અનુસાર એમણે સૂચવ્યું કે, એમની સેવા સિદ્ધિઓ વિષેનું આ પુસ્તક એમના જીવનકાળ દરમિયાન પ્રકાશિત ન કરવું. એમની હયાતી પછી જ પ્રગટ કરવું. એમની એ ઇચ્છાને માન આપી આ હસ્તપ્રત સંઘરી રાખેલી જે હવે કેટલાક આવશ્યક સુધારાઓ સાથે ઉપલબ્ધ થાય છે. આ પુસ્તક મુન્શી સાહેબના પ્રેરણાદાયક વ્યક્તિત્વ અને એમના સમાજસેવાના જીવનકાર્યને અંજલિરૂપ છે.

# ૨. દાઉદ મુન્શી



અહમદ મુન્શીના ત્રણ પુત્રો પૈકીના જયેષ્ઠ પુત્ર તે દાઉદભાઇ. બ્રિટિશ શાસનકાળ દરમિયાન સન ૧૯૧૮માં એમનો જન્મ. કુટુંબમાં શૈક્ષણિક વાતાવરણ છતાં દાઉદભાઇ અભ્યાસમાં બહુ તેજસ્વી નહીં. ૧૮ વર્ષની ઉંમરે એમણે શાળાને તિલાંજલિ આપી. અભ્યાસ છોડયો એટલે દેખીતી રીતે માતાપિતા નારાજ. પણ યુવાન દાઉદભાઇની સાહસવૃત્તિ જાગૃત. સાહસ અને સિદ્ધિની ખોજમાં એમણે સોળ વર્ષની કાચી વયે ઘરગામ છોડી તે સમયના અંધારિયા ખંડ આફ્રિકાનો માર્ગ લીધો. મુંબઇથી વહાણમાં મોમ્બાસા ગયા. ત્યાંથી રેલમાર્ગે કેન્યા, યુગાન્ડા વટાવી કોન્ગો પહોંચ્યા, અને પછી પગપાળા સ્ટૅનલીવિલે (હાલ કિસનગની).

તે સમયે કોન્ગો બૅલ્જિયન કહેવાતું. દાઉદભાઇએ નાસર ઍન્ડ કંપનીમાં નોકરી લીધી. આ કંપનીનો વેપાર એક ઠેકાણેથી માલ લઇ બીજે વેચવાનો. થોડા સમયમાં દાઉદભાઇએ ટ્રક ચલાવતાં શીખી લીધું અને પોતાનો સ્વતંત્ર ધંધો શરૂ કર્યો. યુગાન્ડાથી માલ લાવે અને અહીં વેચે. આમાં નફો થતાં એમણે ઇરુમુમાં નાની દુકાન ખોલી. આ જગા ઊંડે જંગલમાં જ્યાં આફ્રિકન વેંતિયાં (pygmies)નો વસવાટ. ધીરે ધીરે વેપાર જામતાં દાઉદભાઇએ બીજી ટ્રક ખરીદી અને બીજી દુકાનો શરૂ કરી.

સન ૧૯૬૦માં કોન્ગો આઝાદ થયું. દાઉદભાઇએ બુનીઆમાં કૅન્ડિ ફેકટરી શરૂ કરી. પરંતુ સ્વતંત્ર કોન્ગોમાં અરાજકતા ફેલાઇ. ૧૯૬૩માં બળવો ફાટી નીકળ્યો એટલે દાઉદભાઇ એમના કુટુંબ સાથે કમ્પાલા, યુગાન્ડા ગયા. મુન્શીની દુકાનો લૂંટાઇ અને તારાજ થઇ. પરંતુ દાઉદભાઇ હિંમત હાર્યા નહીં.

સન ૧૯૬૮માં દાઉદભાઇ એમના ભત્રીજા ઇસ્હાકને મળવા મોમ્બાસા ગયા. ઇસ્હાક ૨૨ વર્ષની ઉંમરે ગ્રેજ્યુએટ થઇ કૅન્યા સરકારની નોકરીમાં જોડાયેલો. દાઉદભાઇએ

તેને કહ્યું: “We Munshis are not born to work for others. Come and join the business in Kinshasa. Your uncle Mohamed needs someone who knows how to buy and sell.” આપણે મુન્શીઓ બીજાનું વૈતરું કરવા પેદા નથી થયા. કિન્શાસામાં આવી અમારી સાથે ધંધામાં જોડાઇ જા. આ પછી કિન્શાસામાં ધંધો જામ્યો. મુન્શી બોલપોઇન્ટ પેનોના ઉત્પાદક તરીકે સ્થિર થયા.

સન ૧૯૭૧ના ગાળામાં મોબુટુના શાસનકાળ દરમિયાન કોન્ગોનું નવું નામકરણ થયું ‘ઝાઇર’. રાજકીય પરિસ્થિતિ બદલાઇ. યુગાન્ડામાં પણ ઇદી અમીને એશિયનો વિરૂદ્ધની નીતિ અપનાવી. આ બધાથી ત્રાસી એમનું મકાન તથા મોટરગાડી કમ્પાલામાં છોડી દાઉદભાઇએ આફ્રિકાને હંમેશ માટે છોડી ઈંગ્લૅન્ડ આવી ગયા. પછી આખર સુધી માબાપની ખિદમત કરવા મનુબરમાં રહ્યા. તબિયત બગડતાં યુ.કે. આવી ગયા જ્યાં ૧૯૮૬માં આ સાહસિક, ઉદ્યમી વિભૂતિનું અવસાન થયું.

અવસાન પછી પણ દાઉદભાઇ જે ભંડોળ મૂકી ગયેલા તેમાંથી તેમના જીવનકાળ દરમિયાન શરૂ થયેલો દાનનો પ્રવાહ વહેતો રહ્યો. સહિયારી મિલ્કતમાંથી એમના ભાગે ૩૫૦૦૦૦૦ (પાંત્રીસ લાખ) ડોલર આવેલા. એમના વારસદારોની સંમતિથી આ રકમના ૧૦% મનુબર ખાતે છોકરીઓના તાલીમકેન્દ્ર **‘સાલેહાત’**ની સ્થાપના માટે દાનમાં અપાયા. આ રકમ પૂરતી ન હોવાથી મુન્શી કંપનીએ એમાં બીજા ૩૫૦૦૦૦ (ત્રણ લાખ પચાસ હજાર) ડોલર ઉમેર્યા.

આ ઉપરાંત સન ૧૯૯૩માં ભરૂચ ખાતે વિશાળ મુન્શી શૈક્ષણિક સંકુલનું નિર્માણ થયું ત્યારે મરહૂમ દાઉદભાઇના ફંડમાંથી ૧૦૦૦૦૦ (એક લાખ) ડોલરનું દાન મળ્યું.

દાઉદભાઇની હયાતીમાં સન ૧૯૮૫માં ૫૦ હજાર ડોલરના ખર્ચે રાંદેર ખાતે આપણા સમાજના વધુ અભ્યાસ કરવા ઇચ્છતા વિદ્યાર્થીઓ માટે રહેવાની સુંદર સુવિધા પૂરી પાડતી એક આલીશાન હોસ્ટેલનું નિર્માણ કર્યું. આ હોસ્ટેલમાં રહી અભ્યાસ કરી ઘણી મોટી સંખ્યામાં આપણા સમાજના યુવકોએ ડૉક્ટર, એન્જિનીઅર જેવી ઉજ્જવળ કારકિર્દી પ્રાપ્ત કરી છે.

આમ દાઉદભાઇની જીવનકથા એટલે સાહસ અને સખાવતનો સમુચ્ચય. અજાણ્યા મુલકમાં સાહસ ખેડી, તનતોડ મહેનતથી એમણે શૂન્યમાંથી સર્જન કર્યું અને એ કમાણીમાંથી સખાવતની સરવાણી ફૂટી જે એમના ગયા પછી પણ પ્રવાહિત રહી.

# ૩. અબ્દુર્રહીમ મુન્શી



જનાબ અહમદ મુન્શીના વચેટ પુત્રનું નામ અબ્દુર્રહીમ. તેમનો જન્મ મનુબર ગામે સન ૧૯૨૬માં થયેલો. પ્રાથમિક માધ્યમિક શિક્ષણ પૂરું કરી મોટાભાઇ દાઉદભાઇના પગલે તેઓ સન ૧૯૫૦માં આફ્રિકા ગયા.

તેમણે મોમ્બાસામાં હિસાબનીશની નોકરી લીધી. પત્ની બીબીબેન સાથે ભાડાના ઘરમાં રહેતા અને સાયકલ પર નોકરીના સ્થળે આવ-જા કરતા. નોકરી સાથે તેમણે દાઉદભાઇને કોન્ગો ખાતે ઘઉંનો લોટ, નમક તથા સિમેન્ટ સપ્લાય કરવાનું શરૂ કર્યું. તે પછી દાઉદભાઇની સલાહથી તેમણે મોમ્બાસામાં અલીભાઇ ઇસા ઍન્ડ કંપની નામે અનાજ કરિયાણાની દુકાન ખરીદી. તેમણે વહાણોમાં તાજાં શાકભાજી અને ફળો સપ્લાય કરવાનું શરૂ કર્યું. આ ઉપરાંત મીઠાનું ઉત્પાદન, સ્ટીમરનું રંગકામ તથા મરઘાં ઉછેર પણ કરવા માંડયું. તેઓ આર્થિક રીતે સદ્ધર થયા.

જાત મહેનત અને વ્યાપારી કુનેહથી એમણે આ સમૃદ્ધિ પ્રાપ્ત કરી. ૧૯૯૮માં અબ્દુર્રહીમ એમના પત્ની બીબીબેન સાથે મક્કાશરીફ ઉમરા માટે ગયા જ્યાં બીબીબેન બીમાર થયાં. ત્યાંથી યુ.કે. પોતાના બાળકો સાથે થોડો સમય વીતાવવાના ઇરાદે આવ્યાં હતાં જ્યાં ૬-૮ અઠવાડિયાં પછી ૧૯૯૮માં એમનું અવસાન થયું. ઇરાદો તો કેન્યામાં જઇને રહેવાનો હતો પણ બીબીબેનના ચાલ્યા જવાથી અબ્દુર્રહીમે એ વિચાર બદલી યુ.કે.માં જ પ્રૅસ્ટન પાસેના લેલેન્ડ (Leyland) નગરમાં પોતાનાં બાળકો પાસે રહેવાનું નક્કી કર્યું.

૧૯૮૬માં દાઉદભાઇના અવસાન પછી માબાપની દેખરેખ રાખવાનું કામ અબ્દુલભાઇએ સંભાળ્યું અને માબાપ સાથે ઘણું રહ્યા. શિક્ષણપ્રેમી હોઇ ભરૂચ ખાતે મુન્શી વિદ્યાસંકુલની સ્થાપના અને વિકાસમાં સક્રિય રહી સૌથી વધુ સમય વીતાવ્યો

અને પોતાના જ્ઞાન અને અનુભવનો લાભ આપ્યો. અબ્દુર્રહીમે કુટુંબની પ્રણાલીને અનુસરી સમાજસેવાનાં કાર્યોમાં સંપૂર્ણ યોગદાન આપ્યું. જાહેર સેવાની સંસ્થાઓ ઉપરાંત અબ્દુર્રહીમે વ્યક્તિગત ધોરણે પણ નાણાકીય સહાય કરેલી, જેમાં મોમ્બાસા ઉપરાંત ભારત, પાકિસ્તાનમાં વસતા કેટલાક લોકોનો સમાવેશ થાય છે. ૨૦૦૫માં એમનું અવસાન થયું.

અબ્દુર્રહીમનાં સંતાનોની કારકિર્દી પણ અત્યંત તેજસ્વી રહી. તેમનો પુત્ર ઉસ્માન મિકૅનિકલ એન્જિનીઅર થયો. એમના સૌથી મોટા પુત્ર ઈસ્હાકે ગ્રેજ્યુએટ થઇ ખેતીના અર્થશાસ્ત્રીની નોકરી સ્વીકારેલી પણ તે છોડી દાઉદભાઇ સાથે સ્વતંત્ર ધંધામાં ઝંપલાવેલું.

ઝાઇરમાં પરિસ્થિતિ વિકટ થતાં ૧૯૭૫માં ઈસ્હાક કૅનેડા ગયા અને ત્યાં હેમિલ્ટનમાં વસવાટ કર્યો. ત્યાં એમણે ફોમ-રબર ફેક્ટરીમાં નોકરી લીધી. ૧૯૭૬માં કોન્ગોનું અર્થતંત્ર તૂટી પડયું. મોબુટુને પોતાની ભૂલ સમજાઇ. તેણે એશિયનોને પાછા આવી પોતાની મિલ્કતોનો કબજો લેવા વિનંતી કરી. કાકા મોહમ્મદભાઇની સલાહથી ઈસ્હાક ફરી કિન્શાસા ગયા. બેન્કમાંથી લોન લીધી અને ફરીથી વેપાર શરૂ કર્યો. એમનો ભાઇ યુનુસ તાલીમ લઇ પાયલોટ બનેલો. આ બંને ભાઇઓએ મુન્શી ઍર-લાઇન્સની વિમાની સેવા શરૂ કરી. રાજકીય અસ્થિરતા અને લૂંટફાટમાં એક વાર સર્વસ્વ ગુમાવી ચૂકેલા આ સાહસિક મુન્શી નબીરાઓ ફરીથી પગભર થયા.

ગમે તેવા પ્રતિકૂળ અને ભયજનક સંજોગોમાં પણ જીવના જોખમે વેપારને વળગી રહેલા, ‘a mind for money’ ધરાવતા આ બંને ભાઇઓ - ઈસ્હાક અને યુનુસ-ના ખમીર, વેપારી સૂઝ અને સાહસને William Langewiesche નામના પત્રકારે જુલાઇ ૨૦૦૭માં પ્રગટ થયેલા પોતાના એક લાંબા લેખમાં આ શબ્દોમાં બિરદાવી છે: “The Munshis – a family of Indian immigrants - have survived 50 years of dictatorship, war, and plunder”.

અબ્દુર્રહીમની દીકરી નસીમે લંડનની સાઉથ બૅન્ક યૂનિવર્સિટીમાંથી ડૉક્ટરેટની પદવી પ્રાપ્ત કરી. લોરેન્સ બર્કલી નેશનલ લેબોરેટરીમાં સંશોધન કર્યું. હાલ કૉલૉરાડો, અમેરિકામાં કૉમ્પૉઝિટ ટેકનોલજિ ડેવલપમૅન્ટ નામે વિશ્વવ્યાપી કંપની ચલાવે છે, અને નાસા સ્પેસ રિચર્સ સાથે પણ છેલ્લાં પચાસેક વર્ષથી સંકળાયેલાં છે. અબ્દુર્રહીમનાં અન્ય સંતાનો પૈકી ઝરીના Eye Consultant છે અને આબેદા Geologyનાં સ્નાતક છે અને અહીંની બ્રિટિશ સ્કૂલમાં હેડ ટીચરની સેવા બજાવે છે.

# ૪. મોહમ્મદ મુન્શી



### કૌટુંબિક સંસ્કાર

મોહમ્મદ મુન્શીનો જન્મ ભારતના ગુજરાત રાજ્યના (તે સમયે મુંબાઇ ઇલાકો) ભરૂચ જિલ્લાના મનુબર ગામે સંસ્કારી મુન્શી કુટુંબમાં તારીખ ૧૫ મે, ૧૯૩૧ના રોજ થયો. પિતાનું નામ અહમદ મુસા મુન્શી અને માતાનું નામ અમીનાબેન અહમદ મુન્શી.

એમના જયેષ્ઠ ભાઇ દાઉદ મુન્શી અને પછી અબ્દુર્‌રહીમ. ભાઇઓમાં મોહમ્મદભાઇ સૌથી નાના, આ ઉપરાંત પાંચ બહેનો - ફાતેમાબેન, આયશાબેન, બીબીબેન, મરિયમબેન અને હુરીબેન.

માતાપિતા પાસેથી નમ્રતા, સ્વાશ્રય, સ્વમાન અને શાલીનતાના સંસ્કારો મોહમ્મદભાઇને ગળથૂથીમાંથી જ મળેલા. વળી એમની સામે દાઉદભાઇ તથા અબ્દુર્‌રહીમભાઇનાં ખંત, જાતમહેનત અને સાહસવૃત્તિનો આદર્શ પણ હતો. આ મજબૂત પરિબળોથી એમનું જીવન ઘડતર થયું અને સાફલ્યમાં પરિણમ્યું.

મોહમ્મદભાઇ ચૌદ-પંદર વર્ષના હતા ત્યારે ગામમાં એક નાનકડી ઘટના ઘટી જેની છાપ એમના મન પર અમિત, કાયમ માટે અંકાયેલી રહી. મનુબર ગામના સીમરખાએ એમની બકરી ડબામાં પૂરેલી. આ બાબતે મોહમ્મદભાઇના પિતા અહમદ મુન્શીએ રખાને બે વેણ કહ્યાં તે સાંભળી સિંધી રખાએ ગુસ્સામાં તેમને અપશબ્દો ઉચ્ચાર્યા.

મુન્શી સાહેબ તો શાંત રહ્યા પણ ગ્રામજનોને જાણ થતાં લોકો ભેગા થયા અને પેલા રખાને બરાબર ઠપકાર્યો. રખાએ માફી માંગી. કિશોરવયના મોહમ્મદભાઇને આ બનાવ જોઇ મનમાં થયું કે, મારા પિતાશ્રીને માલિકે આટલી ઇજ્જત અને પ્રતિષ્ઠા

આપી છે કે એમના માટે આખું ગામ ભેગું થઇ ગયું, એટલે મારે પણ એવી રીતે જીવવું કે લોકોના હૃદયમાં મને પણ સન્માનભર્યું સ્થાન મળે. મોહમ્મદભાઇના શેષ જીવન પર દૃષ્ટિપાત કરીએ તો પ્રતીતિ થાય છે કે, એમની કિશોરાવસ્થાની આ આંકાક્ષા એમણે સખત પરિશ્રમ અને સેવાપરાયણતાથી ચરિતાર્થ કરી.

## શિક્ષણ

પરિવારના આવા સંસ્કારી વાતાવરણમાં મોહમ્મદભાઇએ ગામની શાળામાં પ્રાથમિક ફાઇનલ સુધીનું શિક્ષણ લીધું. તે જમાનામાં ગામમાં હાઇસ્કૂલ નહીં, અને શિક્ષણ પ્રત્યેની સભાનતા ઓછી, તેથી પ્રાથમિક શિક્ષણ પૂરું કરી જૂજ વિદ્યાર્થીઓ હાઇસ્કૂલમાં જતા. એવા પ્રતિકૂળ સંજોગોમાં પણ મોહમ્મદભાઇ માધ્યમિક શિક્ષણ માટે સુરતની હરિપુરા સાર્વજનિક હાઇસ્કૂલમાં દાખલ થયા. સુરતમાં એક સોનીના કુટુંબ સાથે તેમના ઘરમાં આઠેક મહિના રહ્યા. સ્કૂલમાં એક વિષય તરીકે સંસ્કૃત ભાષાનો પણ અભ્યાસ કર્યો. કિશોરાવસ્થામાં શીખેલાં સંસ્કૃત સુભાષિતો એમને પંચ્યાસી વર્ષની પાકટ વયે પણ યાદ હતાં.

સુરતમાં શિક્ષણ લીધું એને પરિણામે એમને વિશાળ જનસમાજનો પણ પરિચય થયો. વિવિધ વર્ગોના બાળકોના સમ્પર્કનો લાભ મળ્યો. એમનાં રસનાં ક્ષેત્રો વિસ્તર્યાં. મનુબર ગામના એમના સમવયસ્ક સજ્જન કહે છે કે, સુરતથી વૅકેશનમાં મોહમ્મદભાઇ ગામ આવે ત્યારે મિત્રો સૂફી મનુબરી, અહમદ મોગલ અને ઇસ્માઇલ કારીગર સાથે ધાર્મિક, રાજકીય તથા સાહિત્યિક ચર્ચાઓ કરે. વળી ગામની કોઇ વિકાસ યોજના હોય તો તેમાં યુવાનો કઇ રીતે સહાયરૂપ થાય તે પણ વિચારે. આમ યુવાવસ્થામાં જ કૌટુંબિક સંસ્કાર અને ભણતરને પરિણામે તેમનામાં સમાજ પ્રત્યેના કર્તવ્યની સભાનતા વિકસી.

સન ૧૯૪૯માં એસ.એસ.સી. થયા એટલે ઉજ્જવળ કારકિર્દી માટે મુંબઇની વિકટોરિયા જ્યુબિલિ ટૅકનિકલ ઇન્સ્ટિટયૂટમાં પ્રવેશ લીધો. ત્યાં ખંતપૂર્વક ચાર વર્ષ અભ્યાસ કરી ૧૯૫૩માં ડિપ્લોમા ઇન ટૅક્સટાઇલની ઉપાધિ પ્રાપ્ત કરી. ડિપ્લોમાની લાયકાત મેળવ્યા પછી નાગપુરની ટાટા ટેક્સટાઇલમાં એક વર્ષ સેવા આપી.

શિક્ષણ અને ઉચ્ચ શિક્ષણ માટે મુંબઇ નિવાસ જેવા પરિબળોએ ભાગ ભજવ્યો. આને કારણે આગળ ઉપર એમણે સમાજસેવાની જે અનેકવિધ પ્રવૃત્તિઓ કરી તેમાં શિક્ષણ કેન્દ્રસ્થાને રહ્યું. વળી એમની વિશાળ દૃષ્ટિ અને સમભાવને લીધે એમનાં સેવાકાર્યોનો

લાભ નાતજાતના ભેદભાવ વગર સમાજના બધા જ વર્ગોને મળે એવો એમનો અભિગમ રહ્યો.

## પરદેશગમન

ભરૂચી વહોરા પટેલ કોમ સાહસિક, ખંતીલી અને dashing જુસ્સાદાર છે. જીવનનિર્વાહ કે વધુ સારા જીવનધોરણ માટે પરદેશ ખેડવાની અને વિદેશોમાં જઇ વસવાટ કરવાની પ્રણાલી આ કોમમાં સદીઓ જૂની છે. આ પ્રણાલીને અનુસરીને મુન્શી કુટુંબના દાઉદભાઇ અને અબ્દુર્રહીમભાઇ આફ્રિકામાં સ્થાયી થયા. યુવાન મોહમ્મદ મુન્શી નોકરીના મર્યાદિત ક્ષેત્રમાં પુરાઇ રહે તે શકય ન હતું, એટલે ટાટા ટેક્સટાઇલમાં માંડ એક વર્ષ નોકરી કર્યા પછી સન ૧૯૫૪માં એમણે નોકરીને તિલાંજલિ આપી આફ્રિકા જવાનો નિર્ણય કર્યો. આ નિર્ણય પર શીઘ્ર, તત્કાલ અમલ પણ થયો.

જૂન મહિનામાં મુંબઇના બંદરેથી SS Karanja passenger ship (એસ.એસ.કરન્જા નામક સ્ટીમર)માં દરિયાઇ સફરનો આરમ્ભ કર્યો. એમના સહપ્રવાસીઓ મોટે ભાગે ભારતીય હતા જે કેન્યા, ટાન્ઝાનિયા, યુગાન્ડા જેવા દેશોમાં જઇ રહ્યા હતા. મોહમ્મદભાઇ મળતાવડા સ્વભાવના અને સહાયરૂપ થવાની ભાવના પણ ખરી. સફરમાં એમની સાથે એક ડોસીમા એકલાં હતાં અને ખૂબ જ ગભરાઇ ગયેલાં. મોહમ્મદભાઇએ તેમની સાથે વાતો કરી, હિંમત આપી અને તમને સહાય કરીશ એવું કહી આશ્વસ્ત કર્યાં. તોફાની સમુદ્રના દસ દિવસના પ્રવાસ પછી સ્ટીમર મોમ્બાસા (કેન્યા) પહોંચી. પેલાં ડોસીમાના પતિ દારેસલામમાં કામ કરતા હતા તે એમને લેવા આવેલા. સફર દરમિયાન મોહમ્મદભાઇએ એમની જે સંભાળ લીધી તેની વાત ડોસીમાએ એમના પતિને કરી. મુલાકાત થઇ અને તે ગરાસિયા વહોરા સજ્જન અત્યંત આભારવશ થયા. કયારેક દારે સલામ એમના ઘરે પધારવાનું આમંત્રણ આપ્યું અને જોગાનુજોગ વર્ષો પછી કોન્ગો જતી વેળા દારેસલામ થઇને જવાનું થયું ત્યારે એકાદ દિવસ તેમને ત્યાં રહ્યા હતા.

મોટાભાઇ દાઉદ મુન્શી તે સમયે કોન્ગોમાં હતા. તેમણે જનરલ ટ્રેડિંગમાં સારી જમાવટ કરેલી એટલે અબ્દુર્રહીમભાઇની સલાહથી મોહમ્મદભાઇએ દાઉદભાઇ પાસે કોન્ગો જવું એમ નક્કી કર્યું. કોસ્ટલ સ્ટીમરથી રસ્તામાં સંબંધીઓ અને ઓળખીતાઓને ત્યાં થોડાક દિવસ રોકાતાં રોકાતાં ઝાંઝીબાર, દારે સલામ, મોરોગોરો, તબોરા અને

Mwanza (મ્વાન્ઝા) પહોંચી ત્યાંથી રેલગાડીની રોમાંચક મુસાફરી કરી કિસુમુ, કેન્યા પહોંચ્યા. એક તરફ વ્યવસાયમાં ઠરીઠામ થવાની દોડધામ હતી તો બીજી તરફ ગૃહસ્થી થવાની તૈયારી. સન ૧૯૫૭માં એમની શાદી ખતીજા ઇસ્માઇલ આદમ કહાનવાલા સાથે થઇ. ખતીજાબેન સાથે એમની પ્રથમવાર મુલાકાત કિસુમુમાં થઇ હતી. એમના દાંપત્યજીવનને ૫૮ વર્ષ થયાં. ચાર સંતાનો તે મરહૂમ મુનીર, પુત્રો મુનવ્વર, મુસ્તાક અને દીકરી રેહાના.

આફ્રિકામાં સંઘર્ષના દિવસોમાં મોહમ્મદભાઇને મૂળ ટંકારીઆના અને તે સમયે કોન્ગોમાં જેમની જબરદસ્ત શાખ હતી એવા ઇબ્રાહીમભાઇ નાથલિયાએ ભરપૂર મદદ કરેલી. તેમણે એમને પોતાની સાથે રાખ્યા અને આર્થિક સહાય પણ કરી. ઇબ્રાહીમભાઇ નાથલિયાના આ સૌજન્યનો મોહમ્મદભાઇ વારંવાર કૃતજ્ઞતાપૂર્વક ઉલ્લેખ કરતા અને કહેતા: “મેં મારા જીવનમાં જે કંઇ પ્રગતિ કરી અને વેપાર વણજમાં જે કંઇ સફળતા મેળવી એમાં ઇબ્રાહીમભાઇ નાથલિયાનો ફાળો ઘણો મોટો છે. હું તેમને કદી વિસરી શકું એમ નથી.”

## આફ્રિકામાં ઊથલપાથલ

મોહમ્મદ મુન્શીએ ધગશ અને સખત પરિશ્રમથી આફ્રિકામાં વેપારધંધો જમાવ્યો અને વિકસાવ્યો. સાથે જ ગૃહસ્થી જીવનમાં પણ ઠરીઠામ થયા. પણ આ કથાનો ખાધું, પીધું ને રાજ કીધું જેવો સુખદ અંત નથી.

તે સમયે કોન્ગોમાં બેલ્જિયમની સત્તા હતી. તેની સામે સ્વાતંત્ર્ય સંગ્રામ આરંભાયો. આંતરવિગ્રહ શરૂ થયો. રાજકીય, સામાજિક, આર્થિક ક્ષેત્રે અસ્થિરતા આવી. અંધાધૂંધી ફેલાઇ. ૧૯૬૦માં કોન્ગો સ્વતંત્ર થયું. ૧૯૬૦ થી ૧૯૬૪ દરમિયાન લુમુમ્બાના સત્તાકાળમાં આ ઊથલપાથલ વકરી. એ સમયની ભયાનકતા યાદ કરતાં કયારેક મોહમ્મદભાઇ કહે છે કે ‘ચાર મહિના અમે બંદૂકની નોક પર જીવ્યા. મૃત્યુ જાણે ચોવીસ કલાક આસપાસ મંડળાય છે એમ લાગતું. કેન્દ્ર સરકાર કિન્શાસામાં હતી.

બુનીઆ કબજે થયું. સી-૧૩૦ વિમાન દ્વારા અમને રેફ્યુજી - નિર્વાસિતો તરીકે કિન્શાસા લવાયા.’

કિન્શાસામાં મોહમ્મદભાઇની મુલાકાત ઇબ્રાહીમભાઇ નાથલિયા સાથે થઇ. મોહમ્મદભાઇએ તો હંમેશ માટે ઝાઇર છોડવાનો નિશ્ચય કરેલો. પણ ઇબ્રાહીમભાઇએ

એમને ધીરજ ધરી કોન્ગો ન છોડવા સમજાવ્યા. કોન્ગોમાં એમની બે ટ્રકો બળવાખોરોએ આંચકી લીધેલી. કિન્શાસામાં એમને વાવડ મળ્યા કે, આ ટ્રકો પાછી મળે એમ છે. એટલે મોહમ્મદભાઇ મરહૂમ ઈબ્રાહીમ ઇસા વહાલુવાલા Gringo (ગ્રીનગો) સાથે બુનીઆ ગયા, પણ ત્યાં એમના જીવનું જોખમ ઊભું થયું. આ ભયાનક સ્વપ્ન (nightmare)નું વર્ણન કરતાં મોહમ્મદભાઇ કહે છે: ‘‘અમે મમ્બાસા નામના ગામડામાં કમાન્ડરને મળ્યા તો તેણે અમને તરત જેલમાં પૂરી દીધા. બીજે દિવસે એક કૅપ્ટન અમને જીપમાં બેસાડી ત્યાંથી દસેક કિલોમિટર દૂર નદીએ લઇ ગયો. અમને પુલ ઉપર ઊભા રાખી નીચે પાણીમાં જોવા કહ્યું. અમે નીચે જાયું તો ત્યાં નગ્ન મડદાંનો ઢગલો! બધાં અશ્વેત! કૅપ્ટને ધમકીભર્યા સ્વરે કહ્યું, ટ્રકોને ભૂલી જાવ. જીવ બચાવવો હોય તો ભાગો, નહિતર તમારી પણ એમના જેવી હાલત થશે. અમે ત્યાંથી તરત બુનીઆ ભાગ્યા અને પછી કિન્શાસા’’.

આ સમયગાળામાં આફ્રિકાના લોહિયાળ ઇતિહાસમાં જે ઘટનાઓ બની તેના મોહમ્મદભાઇ સાક્ષી. આ અનુભવ ખરેખર પીડાજનક, traumatic હતો. આને પરિણામે એ એવા નિષ્કર્ષ પર આવ્યા કે, જીવનમાં ઘડીભરમાં શું થઇ જાય તે નિશ્ચિત નથી એટલે માણસે દરેક પરિસ્થિતિ માટે તૈયાર રહેવું પડે.

૧૯૬૦થી જે અસલામતી અને અસુરક્ષિતતાનું વાતાવરણ ઊભું થયું તેને કારણે અગમચેતી વાપરી મોહમ્મદભાઇનાં પત્ની ખતીજાબેનની બહેનો અને બે ભાઇ ૧૯૭૦માં ઈંગ્લૅન્ડ આવી ગયાં હતાં. ખતીજા ૧૯૭૪માં આવ્યાં. એમનો બધાનો જન્મ કેન્યામાં થયો હતો. બ્રિટિશ સરકારે તે વખતે સ્વતંત્રતા આપતા પહેલાં બધા પરદેશીઓને કહ્યું હતું કે તમે કયાંતો કેન્યાના નાગરિક બનો કે બ્રિટિશ નાગરિક બનો. બધાંએ બ્રિટિશ બનવાનું નક્કી કર્યું હતું એટલે એમને અને ખતીજાને પણ યુ.કે.માં આવવાની રજા મળી હતી.

ચોતરફ ‘આફ્રિકનાઇઝેશન’ની બુમરાણ હતી. આફ્રિકાવાસી એશિયનો ભયના ઓથાર નીચે જીવતા હતા. ૧૯૭૩માં યુગાન્ડાની ઇદી અમીન સરકારે એશિયનો માટે ‘દેશ છોડો, નહિતર જાનમાલથી હાથ ધોવા પડશે’ એવા ભયનો માહોલ ઊભો કર્યો હતો. આ અરાજકતા વચ્ચે પ્રેસિડન્ટ મોબુટુએ કિન્સાસામાં હવા ફેલાવી કે, એશિયનો પાસેથી વેપારધંધા છીનવી લેવામાં આવશે. ૧૯૭૪માં એવી ચેતવણી મળી કે જો આ દેશમાં રહેવું હોય તો વેપાર નહીં, નોકરી કરવી પડશે.

આમ, કોન્ગોમાં, મોહમ્મદભાઇ માટે બધી રીતે પ્રતિકૂળ સંજોગો ઊભા થયા. પ્રતિદિન પરિસ્થિતિ વધુ વણસતી ગઇ. છેવટે, ૧૯૭૫માં તેઓ આફ્રિકા છોડી ઈંગ્લૅન્ડ આવ્યા અને બોલ્ટનમાં તેમના કુટુંબભેગા થયા.

# વિલાયતમાં વસવાટ

મોહમ્મદભાઇ મૂળે આશાવાદી. આફ્રિકામાં ઘણું બધું ગુમાવ્યું તેનો ખેદ ખરો, પણ હતાશા નહીં. એટલે બોલ્ટનમાં આવી ‘એન્ગ્લો ફેબ્રિક્સ’ નામે ધંધો શરૂ કર્યો. એમાં એમના ભાગીદાર હતા ગુલામભાઇ કોઠીવાલા. આ વ્યવસાય બે વર્ષ ચલાવ્યો. એમાં નુકસાન થતાં સંકેલી લીધો.

એવામાં આફ્રિકાથી વાવડ આવ્યા કે, પરિસ્થિતિ થાળે પડી છે, અને બધું વ્યવસ્થિત થયું છે. મોહમ્મદભાઇને ત્યાંના વેપારી વર્ગ સાથે, બેન્કો સાથે, રાજકીય વર્તુળોમાં સારા સંબંધો. એમણે આફ્રિકા આવ-જા શરૂ કરી. વેપારી પેઢીઓ સ્થાપી અને નવેસરથી વેપારમાં ઝંપલાવ્યું. આ પૈકીની બે ટ્રેડિંગ કંપનીઓ તે શેમકો અને ઇ.ટી.એસ.મોહમ્મદ ટ્રેડિંગ કંપની. વેપાર બરાબર જામ્યો અને ઉત્તરોત્તર એનો વિકાસ થતો ગયો.

મોહમ્મદભાઇએ ભારતથી આફ્રિકા, આફ્રિકાથી બ્રિટન આમ જીવનમાં ઘણાં ચઢાવઉતાર જોયા. વ્યવસાયમાં લીલીસૂકી, તડકીછાંયડીનો અનુભવ થયો, પણ એમનું મનોબળ સાબૂત રહ્યું તેમાં કારણભૂત તે માલિકમાં અતૂટ શ્રદ્ધા, માલિકે આપેલ વેપારી કુનેહ, ધીરજ, કઠોર પરિશ્રમ અને tenacity – દ્રઢતા. જ્યારે જ્યારે પણ નાસીપાસ થવાય એવી પરિસ્થિતિ ઊભી થાય ત્યારે વાતચીતમાં તેઓ ‘કરતાં જાળ કરોળિયો’ એ પંક્તિ યાદ કરી પુન: પ્રયાસ માટે પ્રેરતા.

થોડો સમય બોલ્ટનમાં રહી તે પછી મોહમ્મદભાઇ ચૉરલી ટાઉનમાં વસ્યા. દાઉદભાઇ તો અગાઉથી જ ચૉરલીમાં વસેલા. એમના સ્વજન મોહમ્મદ માલા તથા ભાણેજ ફાતેમાબેન પણ ચૉરલીમાં હતાં એટલે પારિવારિક વાતાવરણ મળ્યું. વેપાર બહોળો થતો ગયો. આર્થિક સમૃદ્ધિ વધી. મિત્રો સ્નેહીઓનું વર્તુળ વિસ્તરતું ગયું. સમાજસેવાની પ્રવૃત્તિઓ માટે અનુકૂળતા થઇ. આમ, ઈંગ્લૅન્ડમાં બધી રીતે ઠરીઠામ થયા.

# સમાજસેવાની ધૂણી

કિશોરાવસ્થામાં ગ્રામ વિકાસ અને માનવસેવાનું જે બીજ મનમાં પડેલું તે હવે અંકુરિત થયું. ૧૯૮૧માં દાન માટે અલગ ફાળવેલું ભંડોળ ૪૫,૦૦૦ ડોલરનું થયું. આમાંથી માતબર રકમ દારુલ ઉલૂમ, કંથારિયાને આપી. ૧૯૮૬માં દાઉદભાઇનો ઇન્તેકાલ થયો. તેમની મોટી થાપણ મોહમ્મદભાઇ પાસે હતી. એમના હકના પૈસામાંથી ૧૦% રકમનું દાન કરી મનુબર ગામે છોકરીઓ માટેના દારુલ ઉલૂમનું નિર્માણ કર્યું. મનુબર ગામનાં વિકાસકાર્યો માટે સાડા ચાર લાખ ડોલર દાનમાં આપ્યા. ૧૯૯૦માં મનુબરમાં ભવ્ય મુન્શી મેમોરિયલ હોલ બનાવ્યો જે આજે પણ સ્થાનિક તથા આસપાસના ગામોના લોકોને શાદી વગેરે સામાજિક પ્રસંગોએ સુવિધા પૂરી પાડે છે. આ સાથે જરૂરતમંદ કુટુંબોને નાણાકીય સહાય, ગરીબો માટે આવાસો, બેરોજગાર યુવાનોને ધંધે લગાડવા રિક્ષા, લારી જેવાં સાધનો આદિ સેવાકીય પ્રવૃત્તિઓ ચાલતી રહી.

ભરૂચ જિલ્લાના લોકોને આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ થાય એવા હેતુથી વેલ્ફેર હોસ્પિટલ, ભરૂચ સ્થપાઇ ત્યારે મોહમ્મદભાઇ ફાંસીવાલા, અલીભાઇ ઉમરજી વલી તથા એ પ્રોજેક્ટ સાથે સંકળાયેલા અન્ય સમાજસેવકો સાથે મળીને કામ કર્યું.

સન ૧૯૯૩ના ગાળામાં સમાજની યુવાપેઢીનું સશક્તિકરણ થાય એવી કોઇ પ્રવૃત્તિ શરૂ કરવા અંગે મોહમ્મદભાઇના મનમાં મંથન ચાલતું હતું. એક મુલાકાત દરમિયાન આદમ ઘોડીવાલાએ વિજ્ઞાન પ્રવાહની ઉચ્ચતર માધ્યમિક શાળાની તાતી જરૂરિયાત છે, અને એ સ્થપાય તો સમગ્ર જિલ્લાને એનો લાભ મળે એવું સૂચન કર્યું. આ અંગે ઇન્ડિયા ખાતે બશીરભાઇ ચોકીવાલા સાથે ચર્ચા કરી. બશીરભાઇએ શૈક્ષણિક સંસ્થાના નિર્માણમાં સમર્પિતભાવે સેવા આપવાની ખાતરી આપી.

દિલાવર વલી દસાનવાલા પણ સામેલ. તેમણે ઉલટભેર સૂચિત સંસ્થા માટે ભરૂચ ખાતે પાંચ એકર કીમતી જમીન દાનમાં આપી.

આ સાથે જ નાણાકીય સહાયની સરવાણી વહેતી થઇ. મરહૂમ દાઉદભાઇના ફંડમાંથી એક લાખ ડોલર, જનાબ ઐયુબભાઇ માટલીવાલા તરફથી ૨૦,૦૦૦ પાઉન્ડ, જનાબ ઐયુબભાઇ અકુજી દયાદરાવાલા તરફથી ૩૦,૦૦૦ ડોલર તથા અન્ય સખી દાતાઓનાં નાનાંમોટાં દાનથી ભરૂચમાં દહેજ રોડે મુન્શી શૈક્ષણિક વિદ્યાધામનો પાયો નંખાયો. આ યોજનામાં હાફિઝ ઇબ્રાહીમ બાદીનનો ફાળો પણ નોંધનીય રહ્યો.

વિજ્ઞાન પ્રવાહની ઉચ્ચતર માધ્યમિક નિવાસી શાળાના ૪૨ વિદ્યાર્થીઓ સાથે શરૂ થયેલ આ સંસ્થા ઉત્તરોત્તર વિકસતી ગઇ અને એક દાયકા જેટલા ટૂંકા સમયગાળામાં ગુજરાતી - અંગ્રેજી માધ્યમની પ્રાથમિક, માધ્યમિક શાળાઓ, કે.જી.ના વર્ગો, ટેકનિકલ કોલેજ, સામાન્ય પ્રવાહની ઉચ્ચતર માધ્યમિક શાળાની સુવિધાઓ ઉમેરાતી ગઇ. પરિણામે વિશાળ શૈક્ષણિક સંકુલના વિકાસની પ્રક્રિયા ગતિશીલ થઇ.

૧૯૯૬ના ગાળામાં આદમ ઘોડીવાલાના પ્રયાસોથી ભરૂચના આ મુન્શી વિદ્યાધામનું યુ.કે.ની પ્રેસ્ટન કોલેજ સાથે જોડાણ થયું જે ચાર વર્ષ ચાલ્યું. આ દરમિયાન પ્રેસ્ટન કોલેજની શિષ્યવૃત્તિથી ૩૦ વિદ્યાર્થીઓ પ્રેસ્ટન કોલેજમાં અભ્યાસ માટે આવ્યા. સ્ટાફ ડેવલપમેન્ટ પ્રોગ્રામ અંતર્ગત ૬ શિક્ષકોએ પ્રેસ્ટન કોલેજમાં તાલીમ લીધી. દર વર્ષે પ્રેસ્ટન કોલેજના બે - બે અધ્યાપકોએ ભરૂચ જઇ મુન્શી સંકુલના શિક્ષકગણ માટે શૈક્ષણિક તાલીમ શિબિરો ચલાવી. પ્રેસ્ટન કોલેજે દસ લાખ રૂપિયાની નાણાકીય સહાય આપી સંકુલ પર અદ્યતન લેંગ્વિજ લેબોરેટરી બનાવી. ૪૨ વિદ્યાર્થીઓથી આરંભાયેલ આ વિદ્યાધામમાં એક દાયકામાં વિદ્યાર્થીઓની કુલ સંખ્યા ૬,૦૦૦ જેટલી થઇ.

૨૦૦૫માં મૂળ ઇખર ગામના અને હાલ લેસ્ટર સ્થિત ભોદુ ફેમિલીએ વલી ચૅરિટેબલ ટ્રસ્ટ તરફથી કન્યા કેળવણી અને ઉચ્ચ શિક્ષણની વિદ્યાશાખા ઊભી કરી. પરિણામે આર્ટ્સ-કોમર્સ કોલેજ, બી.એડ. કોલેજ તથા એમ.બી.એ. કોલેજની સ્થાપના થઇ.

ભરૂચ જિલ્લામાં શૈક્ષણિક સુવિધાઓ ઉપલબ્ધ થાય એ સપનું જોતજોતામાં સાકાર થયું. મુન્શી સંકુલના વિકાસની આ પ્રક્રિયા એટલી તીવ્રતાથી આગળ વધી છે કે, આ બધું કલ્પનાતીત લાગ્યું. મરહૂમ અબ્દુર્રહીમ મુન્શીએ એકવાર એનું વર્ણન કરતાં કહેલું કે “it’s a miracle!” આ તો એક ચમત્કાર જેવું છે!

સંસ્થા નિર્માણના આ ભગીરથ કાર્ય સાથે મુન્શી ટ્રસ્ટ તરફથી ભરૂચ શહેરના વિકાસ માટે અન્ય અનેક કામો થયાં, જેમ કે, મહમ્મદપુરા વિસ્તારને સગવડભર્યો અને રળિયામણો બનાવવા વીજળીના થાંભલા, નાવડી-તોપ-બળદગાડાના મોડેલ, રોટરી કલબ ભરૂચના સહયોગથી પાણીની પરબો, અમીના મુન્શી સીવણ વર્ગો, વૃક્ષારોપણ, કાવી ગામ ખાતે ગરીબ આવાસ યોજના હેઠળ મુન્શી કોલોનીનું નિર્માણ. આ બધા સાથે જ કુદરતી કે માનવસર્જિત આફતો વખતે ભોગ બનેલાંને જરૂરી સહાય.

મોહમ્મદ મુન્શી અને તેમના કુટુંબે કરેલાં દાન અને સેવા કાર્યોનો આ સમ્પૂર્ણ અહેવાલ નથી, કિન્તુ આ અછડતી યાદીમાંથી પણ એમની ઉદારદિલી અને સેવાનિષ્ઠાનો સંકેત સુપેરે મળી રહેશે એવી અપેક્ષા.

# સેવા પરાયણતા

હાલ (૨૦૧૬) મોહમ્મદ મુન્શી એમનાં પત્ની ખતીજાબેન, સંતાનો, પુત્રવધુઓ, પૌત્રપૌત્રીઓ સાથે ચૉરલીના Preston Road, Whittle-le-Woods ખાતેના તેમના વિશાળ, નયનરમ્ય રહેઠાણે નિવૃત્ત જીવન ગાળે છે. પરન્તુ આજપર્યંત માનવહિતનાં કામો અને સમાજના કલ્યાણ અને ઉત્કર્ષ માટેની ખેવના કાયમ છે. એ વિષેનું ચિંતન ચાલતું રહે છે, અને મુલાકાતીઓ સાથેની વાતચીતમાં સમાજનું હિત કેન્દ્રસ્થાને હોય છે.

મોહમ્મદ મુન્શીએ આજપર્યંત જે નાનીમોટી, છૂપીજાહેર સખાવતો કરી છે તેની યાદી તો ઘણી લાંબી થાય. એ બધાને જગજાહેર કરવામાં ઔચિત્યભંગ લાગે. મૂળ વાત એ કે, અન્યોને સહાયરૂપ થવું, ખલ્કની ખિદમત કરવી અને ઘસાઇને ઊજળા થવું એ અભિગમ મોહમ્મદભાઇની જીવનશૈલી સાથે વણાઇ ગયો છે. માલિકે સુખ સમૃદ્ધિ આપ્યાં છે તેનો અન્યોને સહાયરૂપ થવામાં ઉપયોગ કરવો એવી ભાવના. આના ઉદાહરણરૂપે એક પ્રસંગ ટાંકીએ:

એકવાર મોહમ્મદભાઇએ એમના નિકટના મિત્રને ત્રીસ પાઉન્ડ આપ્યા અને કહ્યું કે, માર્કેટ જાવ ત્યારે મારા માટે મારા માપના જોડા ખરીદી લાવશો. બીજે દિવસે એમના અન્ય પરિચિત ભાઇ એમની મુલાકાતે ગયા ત્યારે તેમનાં પગરખાં તરફ મોહમ્મદભાઇનું ધ્યાન ગયું. પૂછ્યું, આ જોડા કેટલામાં ખરીદ્યા? એ ભાઇએ કહ્યું, દસ પાઉન્ડના. એટલે એ ભાઇ ગયા પછી મોહમ્મદભાઇએ જેમને ત્રીસ પાઉન્ડ આપેલા તે મિત્રને ફોન કરી કહ્યું કે, મારા માટે ત્રીસ પાઉન્ડની એક pair ખરીદવાને બદલે દસ દસ પાઉન્ડની ત્રણ pairs ખરીદજો. એક જોડ હું પહેરીશ અને બીજી બે ઇન્ડિયા કોઇ જરૂરતમંદોને આપીશું.

પોતે ઓછો ઉપભોગ કરીને, બચાવીને અન્યોને સહાય કરવી એ એમની પ્રકૃતિના અંશરૂપ થઇ ગયું હતું - his second nature. ધૂપસળીની જેમ આવી વિભૂતિઓ પોતે બળે છે અને આસપાસના વાતાવરણને મઘમઘ કરે છે.

જીવનમાં નાની નાની બાબતે એમની પરાર્થસાધકતા પ્રેરકબળ બને છે. મોહમ્મદભાઈએ વર્ષે ૮,૦૦૦ (આઠ હજાર) પાઉન્ડનું પ્રીમિઅમ ભરી આરોગ્ય વીમો ઉતરાવેલો. એકાદ વર્ષ પછી થયું કે નેશનલ હેલ્થ સર્વિસમાં મફત આરોગ્ય સેવા મળે જ છે, અને આ ખાનગી વીમાની શી જરૂર? એટલે બીજે વર્ષે વીમો બંધ કર્યો, પરન્તુ તે પછી જીવ્યા ત્યાં સુધી દર વર્ષે ૮,૦૦૦ પાઉન્ડ એન.ઍચ.એસ. (નેશનલ હેલ્થ સર્વિસ)માં દાન તરીકે આપતા રહ્યા.

મોહમ્મદ મુન્શીની આ જીવનકથામાં એમના વ્યક્તિગત જીવન અને જાહેરહિતનાં કાર્યોનાં થોડાંક પાસાં ઉજાગર કર્યાં છે. મુખ્ય પ્રયોજન એ કે, એ વાંચી આપણી યુવા પેઢીને વ્યક્તિત્વ વિકાસ સાધવાની અને સમાજનાં સેવાકાર્યોમાં ઉત્સાહભેર જોડાવાની પ્રેરણા મળે. નાના ગામનો, સાધારણ પરિસ્થિતિમાં ઉછરેલો અદના આદમી શુભનિષ્ઠા, કર્તવ્યપરાયણતા અને સમાજ પ્રત્યેની નિસબતથી મહાન સિદ્ધિ હાંસલ કરી શકે છે તેનું જવલંત ઉદાહરણ એટલે મોહમ્મદ મુન્શીનું જીવન વૃત્તાંત!

મોહમ્મદ મુન્શીનાં સેવા કાર્યોની સુવાસ આપણા સમાજમાં ચોતરફ પ્રસરેલી છે અને એ સામાજિક પરિવેશને સુરભિત કરતી રહેશે. આદિલ મન્સૂરીનો શેર છે:

*ફૂલો બની ભલેને અમે તો ખરી ગયા*
*ખુશબૂથી કિન્તુ આપનો પાલવ ભરી ગયા*

મોહમ્મદ મુન્શીનું મૂળ વતન મનુબર. મનુબર શબ્દ ઉર્દૂ મુનવ્વરનું અપભ્રંશ છે. મુનવ્વર એટલે રોશન, પ્રકાશિત, ઝળહળિત. મોહમ્મદભાઈએ સમાજ સેવાની જ્યોત પ્રકટાવી, એનો પ્રકાશ આપણા સમાજમાં રેલાય છે. આમ, એમનાં સેવાકાર્યોથી એમની જનમભોમનું નામ પણ સાર્થક થયું.

આ ત્રણે ભાઈઓએ દરેકે પોતપોતાનું કર્તવ્ય સુંદર રીતે બજાવ્યું. મહંમદભાઈના શબ્દોમાં *"અમે ૩ ભાઈઓ. દાઉદભાઈ સૌથી વડીલ એટલે એ વધુ વખત માબાપની ખિદમત કરવા દેશમાં રહેતા. કોન્ગોમાં ભણતરની સારી સગવડ ન હોવાને કારણે બધાંના બાળકો મોમ્બાસા, કેન્યામાં અબ્દુર્રહીમભાઈની દેખરેખ અને છાયા હેઠળ ભણ્યા. હું સૌથી નાનો. મેં ધંધામાં ધ્યાન પરોવ્યું અને આમ દરેક ભાઈએ પોતાની ફરજ બજાવી."*

આમ આ બધી રિદ્ધિ-સિદ્ધિ-સફળતામાં મોહમ્મદભાઇના બેઉ ભાઇઓનો પણ પૂરેપૂરો સાથ અને સહકાર. એ હકીકતનો નમ્રતાપૂર્વક સ્વીકાર કરતાં મોહમ્મદભાઇ કહે છે: "બેઉ ભાઇઓએ કુટુંબની ફિકરો સાચવી લીધી અને મને વેપાર પર ધ્યાન કેન્દ્રિત કરવાની તકો આપી એટલે વેપાર, શિક્ષણ, સમાજ વગેરે ક્ષેત્રે મુન્શી પરિવારની સફળતા અને નોંધપાત્ર યોગદાનનું શ્રેય હું એકલો લઇ લઉં તો એ વાજબી નથી લાગતું."

## વારસો

મોહમ્મદભાઈએ દાનશીલતા, પરામર્થવૃત્તિ અને સમાજસેવાના આદર્શોનો વારસો પોતાના બંને પુત્રો મુનવ્વર અને મુસ્તાકને આપ્યો છે. પરોપકારની આ ભાવના મુન્શીઓ માટે કૌટુંબિક પ્રણાલી (family tradition) બની રહે એવી એમની નેમ છે. સદ્દભાગ્યે એમના પુત્રોએ આ સંસ્કાર ઝીલ્યા છે, અને આચરણમાં મૂકયા છે.

મુનવ્વર બ્રિટિશ નાગરિક છે અને વ્યવસાય અર્થે શારજાહમાં રહે છે. વેપારવણજમાં સફળતા સાથે એ હવે સમાજસેવામાં પણ સક્રિય છે. મોહમ્મદભાઈએ ભરૂચમાં જે

વિશાળ વિદ્યાસંકુલનું નિર્માણ કર્યું તેનો કાર્યભાર હવે મુનવ્વર સંભાળે છે. પ્રમુખ તરીકેની જવાબદારી સ્વીકાર્યા પછી પ્રથમ કામ મુનવ્વરે સંકુલના પરિસરમાં મસ્જિદ બાધવાનું કર્યું. આનાથી શૈક્ષણિક પ્રવૃત્તિઓ સાથે આધ્યાત્મિક પરિમાણ પણ ઉમેરાયું. સંકુલના વિકાસ માટે અને એને વધુ કાર્યદક્ષ બનાવવા મુનવ્વ્રના મનમાં હજુ ઘણી યોજનાઓ છે.

નાનો પુત્ર મુસ્તાક ચૉરલીમાં માતાપિતા સાથે રહી ગૃહસ્થી સંભાળે છે. પિતાના પગલે એ પણ પોતાના સંપર્કમાં આવનાર જરૂરતમંદને સહાય કરવા તત્પર હોય છે. કાળક્રમે એ પણ સમાજસેવાનું પોતાને અનુકૂળ ક્ષેત્ર શોધી લેશે અને મુન્શી કુટુંબે જલાવેલ સેવાની મશાલ પ્રજ્જવલિત રાખશે એવી અપેક્ષા છે.

મોહમ્મદભાઈની દીકરી રેહાના એમના કોન્ગો ખાતેના પરમ મિત્ર અને ધંધામાં સહાયક મરહૂમ ઇબ્રાહીમભાઇ નાથલિયાના સુપુત્ર યુનુસ સાથે પરણેલી છે અને પોતાના પરિવાર સાથે લેસ્ટરમાં રહે છે.

# દિલની વાત

મુન્શી પરિવારની આ ટૂંકી કુળકથા હાથવગી નોંધો અને મૌખિક માહિતી પર આધારિત છે. એમાંથી આ કુટુંબનાં સંસ્કાર, સાહસ, પ્રમાણિકતા, સખાવત અને સેવાભાવની ઝલક મળે છે. ભરૂચી વહોરા પટેલ સમાજમાં ગૌરવવંતુ સ્થાન ધરાવનાર આ કુટુંબની વધુ અંતરંગ વાતો તો મોહમ્મદભાઇ પાસેથી જ મળી શકે. મોહમ્મદભાઇએ પોતાના જીવન અને કુટુંબીજનો વિષે પોતાના અંતરની જે વાણી પ્રગટ કરી છે તે અહીં એમના જ શબ્દોમાં પ્રસ્તુત છે.

# પરિશિષ્ટ

## મુન્શી મનુબરવાલા વંશવૃક્ષ (Family Tree)

**સાલેહ:** બે પુત્રો નામે આદમ અને અલી

**આદમ:** ત્રણ પુત્રો: મહમદ, ઉમર અને મુસા

**મુસા:** ત્રણ પુત્રો: ઈબ્રાહીમ, **અહમદ** અને વલી

**અહમદ:** ત્રણ પુત્રો નામે **દાઉદ, અબ્દુર્‌રહીમ** અને **મોહમ્મદ**
પાંચ પુત્રીઓ નામે: **આયેશાબેન, હુરીબેન, ફાતમબેન, બીબીબેન અને મરિયમબેન**

**દાઉદ:** બે પુત્રો નામે: ઉમર, ઈમ્તિયાઝ
પાંચ પુત્રીઓ નામે મુમતાઝ, શેહનાઝ, રોઝમીના, રૂખ્સાના અને હસીના

**અબ્દુર્‌રહીમ:** ઈસ્હાક, ઉસ્માન, યુનુસ, ઝરીના, નસીમ અને આબેદા

**મોહમ્મદ:** મુનીર (મરહૂમ), મુનવ્વર, મુસ્તાક અને રેહાના

# મોહમ્મદ મુન્શી: પરિચિતોની દૃષ્ટિએ

આપણા સમાજનો ઉત્કર્ષ, ભરૂચી વહોરાઓનો વિકાસ, પ્રગતિ, ઉન્નતિ તથા સમગ્ર સમુદાયનું સશક્તિકરણ - empowerment એ જ મોહમ્મદ મુન્શીની આરત - passion. એટલે જ એમનાં સેવાકાર્યોની સુવાસ ચોમેર પ્રસરેલી છે.

જાહેરહિતનાં કાર્યોમાં એમના યોગદાન ઉપરાંત એમના સૌમ્ય વ્યક્તિત્વ તથા સાત્વિક જીવનશૈલીને કારણે પણ મોહમ્મદ મુન્શી સમાજમાં આદરપાત્ર સ્થાન ભોગવે છે. એમનો વ્યવહાર સૌજન્યશીલ છે અને એમના પરિચયમાં આવનાર વ્યક્તિને એમની શાલીનતા, નમ્રતા અને સૌહાર્દ સ્પર્શી જાય છે.

મોહમ્મદ મુન્શી નમ્ર, વિવેકશીલ. મૃદુભાષી અને મળતાવડા છે. વેપાર ધંધામાં, સમાજ સેવાની પ્રવૃત્તિઓમાં અને સામાજિક વ્યવહારમાં તેમના દીર્ઘાયુ દરમિયાન તેઓ અનેક લોકોના સંસર્ગમાં આવ્યા છે.

આપણા સમાજમાં એમના સંખ્યાબંધ સ્નેહીઓ, શુભેચ્છકો અને પ્રસંશકો છે. મોહમ્મદભાઇના વ્યક્તિત્વ અને એમની કાર્યશૈલી વિષે એમાંના થોડાકના પ્રતિભાવ અહીં પ્રસ્તુત છે.

# “મામા” એટલે અગ્રણી, સ્વપ્નદ્રષ્ટા, સમાજસેવક

*□ દિલાવરભાઈ દશાનવાલા*

મામા વ્યવસાય અને સમાજજીવન ક્ષેત્રે પ્રેરણારૂપ હતા. તેઓ દાન, પ્રમાણિકતા, નીતિમત્તા અને સ્વયંશિસ્તનાં ઈસ્લામી મૂલ્યોને આચરણ દ્વારા ચરિતાર્થ કરતા હતા. છેલ્લાં ત્રીસ વર્ષો દરમિયાન હું અનેક પ્રવૃત્તિઓમાં મામાની સાથે રહ્યો છું - ધંધાકીય સાહસ, પરદેશના પ્રવાસ, અને વિવિધ પરોપકારી સમાજસેવાનાં કાર્યો. આ લિલ્લાહ કામોને ગણાવવાનું યોગ્ય નથી કેમકે, એ તો અલ્લાહ (સુબ્હાનહુ વ તઆલા)ને રાજી કરવા અને આખેરત માટે થતાં હોય છે.

એટલે, હું એમના વ્યક્તિત્વનાં કેટલાંક પાસાંનો ઉલ્લેખ કરું જે આપણા માટે માર્ગદર્શક બનશે. મામાની જીવનશૈલીનાં નીચે જણાવેલ લક્ષણો આપણા માટે બોધદાયક અને અનુસરણીય છે.

૧. તેઓ ખૂબજ વ્યવસ્થિત અને સમયપાલન તથા વહીવટી બાબતોમાં ચોકસાઈપૂર્ણ હતા.
૨. ટેકનિકલ કૌશલ્ય. તેઓ ઈમેલ, વેબસાઈટ, લૅપટૉપ, તથા ઍન્ડરૉઈડ ફોનથી પરિચિત હતા, અને સ્કાઈપ, ફેસટાઈમ અને વૉટ્સઍપ દ્વારા દુનિયાભરનો સમ્પર્ક કરતા.
૩. વાતચીત અને ચર્ચામાં કુશળ હતા. સામાજિક પ્રસંગોએ ગમે તે વયની વ્યક્તિ સાથે રમતગમત, રાજકારણ કે સમાજકારણની ચર્ચા કરતા.
૪. એમનામાં ઊંડી ધંધાકીય સૂઝ અને કુનેહ હતી. નિષ્ણાંત વ્યાવસાયિક આયોજન અને નાણાંકીય આલેખનની સહાય વગર ધંધાકીય સોદા કરી શકતા હતા.

અમારા સહપ્રવાસો દરમિયાન અનેક રમૂજી બનાવોમાં એમના ઉપરોક્ત ગુણો પ્રતિબિંબિત થતા.

(ક) ૧૯૯૦માં ચીનના પ્રવાસ વખતે મામા તમામ બાબતે સજ્જ હતા. એમના સાથીઓ માટે વાતાનુકૂલિત (એરકન્ડિશન્ડ) રૂમો જોઈએ. મામાને એરકન્ડિશનીંગ માફક નહીં. એટલે મામા પોતાના માટે સ્કી હેટ, હાથમોજાં અને પગ માટે ગરમ સોકસ લાવેલા, જેથી સાથીઓ સહિયારા રૂમમાં એ.સી.ની સગવડ માણી શકે.

(ખ) અમીરાતના વિમાનમાંથી વપરાયેલ પ્યાલા, ચમચ ફેંકી દેવાને બદલે સાથે લઇ લેતા અને ઈન્ડિયા સાથે લઇ જઇ તેને વાપરતા જેથી નકામો બગાડ ન થાય.

(ગ) મામા પોતાની જાત માટે ખર્ચવાને બદલે અન્યો માટે વધુ ખર્ચે. ચૉરલીની મસ્જિદે ૨૦ વર્ષ સુધી એક જ ગંજીયું પહેરી આવતા. છેવટે એક સાથી નમાજીએ કહ્યું કે, અમે તમારા માટે નવું જમ્પર લઇ આવીએ, તે પછી મામાએ જૂનું ગંજીયું કફનીની અંદર પહેરવા માંડયું. આ રીતે જે પૈસા બચે તેમાંથી તેઓ જરૂરતમંદો માટે કપડાં, જોડા ખરીદતા.

(ઘ) અગાઉ 'બુપા' (ખાનગી હેલ્થ ઇન્શૂરન્સ કંપની)ને જે ફી આપતા તે બંધ કરી એ રકમ એન.ઍચ.એસ. (નેશનલ હેલ્થ સર્વિસ)ને દાનમાં દેતા. તેઓ એન.ઍચ.એસ.ના કર્મચારીઓને ચાહતા, તેમની કદર કરતા અને કહેતા કે તેઓ તેમના આચરણ દ્વારા ઈસ્લામના સિદ્ધાંતોને અમલમાં મૂકે છે અને આ 'ધરતીના ફરિસ્તા' જેવા છે.

(ચ) ચીન-માન્ચેસ્ટરના એક પ્રવાસમાં ચીનથી પાછા ફરતાં મુંબઇના સાન્તા ક્રૂઝ હવાઈમથકે અમારું પાંચ કલાકનું રોકાણ હતું. મામાએ ચીનથી જ એમના મુંબઇ નિવાસી એક જૂના મિત્રને મળવાની ગોઠવણ અગાઉથી જ કરેલી, પણ એ ય પારસી રસ્ક-બિસ્કિટ સાથે ઇન્ડિયાની પ્રખ્યાત મલાઇનો નાસ્તો કરવાના આયોજન સાથે.

(છ) તે દિવસોમાં હું મામા સાથે ઈન્ડિયા જતો ત્યારે મનુબર રહેતો. મામાએ મને એમના જૂના ચપ્પલ સંધાવવા ગામના મોચી પાસે મોકલ્યો, જેથી મોચીને રોજી મળે. પછી એ સમા કરાવેલ ચપ્પલ એમણે કોઇ જરૂરતમંદને આપી દીધા.

(જ) યુ.કે.થી કોલેજના કર્મચારી ભરૂચ મુન્શી સંકુલમાં માર્ગદર્શન માટે આવેલા. એમની મુલાકાતના છેલ્લા દિવસે તે મામાના ઘરે મનુબર આવ્યા, ત્યારે મામા એમના વારસાગત સાદા મકાનમાં રહેતા હતા. મુલાકાતીને આશ્ચર્ય થયું કેમકે, એમની તો ધારણા હતી કે, મામાનું મકાન મહેલ જેવું હશે.

(ઝ) વલી ચૅરિટેબલ ટ્રસ્ટની શૈક્ષણિક સંસ્થાઓ માટેની જમીન મામાએ એક જ મિનિટમાં, શીઘ્ર નિર્ણય લઇ દાનમાં આપેલી. એમનો હેતુ ભરૂચ અને ગુજરાતમાં શૈક્ષણિક સુવિધાઓ વધે અને મુસ્લિમ યુવા પેઢી પ્રગતિ સાધે તે.

(ટ) 'હું આપીશ એનાથી ઘણું વધુ હું પામીશ' - એ એમનો જીવનમંત્ર.

(ઠ) મામા બહુભાષી હતા. ફ્રેન્ચ સહિત અનેક આંતરરાષ્ટ્રિય ભાષાઓ જાણતા હતા. એમને ‘દેશી’ ગણી વાતચીત શરૂ કરનાર અજાણ્યા પછીથી એમના ભાષાકૌશલ્યથી ચકિત થઈ જતા.

(ડ) બેન્કોના અધિકારીઓ અને ઉદ્યોગપતિઓ સાથે એમનો ઘરોબો અને નિકટના સંબંધો હતા જે એમણે જીવનપર્યંત સાચવ્યા હતા.

## માનવ ભૂખ્યા મુન્શી કાકા

*□ સૂફી મનુબરી*

*નમ્ર છે, ભોળા છે, ને નિસ્વાર્થ છે તેથી જ બધે*
*દિલમાં લોકોના વસી જાય છે મુન્શી સાહેબ*

મોહમ્મદ મુન્શી મારા પડોશી, મારા કાકા અને સમોવડિયા. સ્વભાવે પ્રથમથી જ નમ્ર, વિવેકી અને ઉદાર. ગામમાં આવે ત્યારે અમારી સાથે બેસી સાહિત્યની અને ધાર્મિક ચર્ચાઓ કરવામાં ખૂબ ઊંડો રસ લેતા. તેમના પરદેશગમન અને વેપારવણજને લગતા અનુભવો અમને કહેતા. તેઓ પ્રથમથી જ સંબંધો બાંધનાર અને સંબંધોને નિભાવનાર પણ ખરા. જૂના દોસ્તો અને ઓળખીતાઓને કદી ભૂલતા નહીં. એક પ્રસંગ મને યાદ આવે છે:

સુરતમાં ભણતા હતા ત્યારે એમને એકાદ મહિનો એક સોનીને ત્યાં રહેવાનું થયેલું. સોનીનો દીકરો એમની સાથે ભણતો હતો અને બંનેને દોસ્તી હતી. આફ્રિકાથી પહેલીવાર વતન આવ્યા ત્યારે સુરત જવાનું થયું તો પેલા સોની કાકાને યાદ કર્યા અને તેમને ઘેર પહોંચી ગયા. સોનીએ એમને તરતજ ઓળખી લીધા. બેસાડયા, ખબરઅંતર પૂછી. મુન્શી કાકાએ તેમના દીકરા નિરંજનની ખબર પૂછી. જતી વેળા આદત પ્રમાણે મુન્શી કાકાએ સોનીના હાથમાં થોડીક રકમ મૂકી.

પછી તો જ્યારે જ્યારે પણ સુરત જવાનું થાય ત્યારે સોની કાકાની મુલાકાત અવશ્ય લેતા, સહાય કરતા. પોતાના દીકરા મુસ્તાકની શાદી પ્રસંગે પણ આ સોની કાકાને આમંત્રણ આપેલું. આ અને એવા કેટલાયે જૂના સંબંધોને તેમણે જીવનપર્યંત જાળવી રાખ્યા હતા.

# સદ્‌ગુણોનો સંગમ

*□ યાકુબ ગટી*

નમ્ર સ્વભાવ, ગરીબો માટે હમદર્દી, દોસ્તો માટે ભોગ આપવાની તત્પરતા અને બીજાને માફ કરી આપવું એ સદ્‌ગુણોનો સંગમ એટલે મોહમ્મદ મુન્શી સાહેબ. મને એમની ઘણી સોબત મળી છે અને એમની ઉદારતા અને માનવતાના ઘણાં અનુભવો થયા છે.

એક માણસ પાસે ૪૦-૫૦ હજાર પાઉન્ડ માંગતા હતા. મને વાત કરી તો મેં કહ્યું ચાલો, એમની પાસે જઈએ અને તેમને યાદ દેવડાવીએ અને માંગણી કરીએ. તે ઘરે જ મળશે કેમકે બીમાર હતા અને હજી ગઇ કાલે જ હોસ્પિટલમાંથી ઘેર આવ્યા છે. આ સાંભળી તરત જ કહ્યું કે માંડી વાળો, નથી જવું. આપણા જવાથી એ ભાઈના દિલને તકલીફ થશે અને કદાચ તબિયત ફરીથી બગડી જાય! ફરી કોઈ વાર જઈશું, એમ કહીને ટાળી દીધું તે આજની ઘડી સુધી હજી સુધી ગયા નથી.

અમે ઈન્ડિયાની ઘણી સફરો સાથે કરી છે. એકવાર મુન્શી સાહેબની તબિયત ઠીક ન હતી અને જવાનું થયું. મેં કહ્યું બિઝનેસ કલાસની ટિકિટ લઈ લો, મુસાફરીમાં વધુ સગવડ મળશે અને આરામ રહેશે. આ સાંભળી બોલી ઉઠયા કે તને ખબર છે એ ટિકિટ કેટલાની હોય છે? ભલા માણસ, હું થોડી તકલીફ વેઠી લઉં તો બે ત્રણ હજાર પાઉન્ડ બચી જાય અને એ રકમ કોઈ ગરીબને મદદ કરવામાં કામ લાગે એમ કહી ઈકોનોમી કલાસમાં જવાનું જ પસંદ કર્યું.

એક દિવસ એમના ઘરે બેઠા હતા એવામાં ગામનો હરિજન એમને મળવા આવ્યો અને દૂર દરવાજા પાસે જ બેસી ગયો. મુન્શી સાહેબે ખૂબ આગ્રહ કરીને તેને પોતાની પાસે બોલાવ્યો, પાસે બેસાડયો, ચા મંગાવી અને તેની જરૂરત પૂરી કરી રવાના કર્યો. ત્યાં બેઠેલા બધા જ આ જોઈને અચંબામાં પડી ગયા!

એમના એક ગરીબ મિત્રને ગામના કામોમાં ખોટી દખલ ન કરવાની મુન્શી સાહેબે અહીંથી ફોન પર નસિહત કરી હશે એટલે તેમને ખોટું લાગેલું. મુન્શી સાહેબ ઈન્ડિયા ગયા તો દર વખતની જેમ પેલા મિત્ર મળવા ન આવ્યા. ત્રીજા દિવસે ફજરની નમાઝ બાદ મુન્શી સાહેબ સામે ચાલીને તેમને ઘેર ગયા અને કહ્યું કે ભાઈ! તું ન આવ્યો તો હું તારી મુલાકાતે આવ્યો છું. દોસ્તી એમ કંઈ થોડી ખતમ કરી દેવાય છે?

# માનવતા, ઉદારતા અને દયાભાવનાનો નમૂનો એટલે મુન્શી સાહેબ

*□ સુલેમાન પટેલ*

મુન્શી સાહેબના વ્યક્તિત્વમાં રહેલા આ ગુણો ઉજાગર કરે એવા આમ તો ઘણાં પ્રસંગો યાદ આવે છે પણ અહીં માત્ર બે પ્રસંગો તરફ ધ્યાન દોરું છું.

૧. કાપોદ્રા ગામમાં રહેતા મુન્શી સાહેબના એક લંગોટિયા મિત્ર સુલેમાનભાઈએ તેમને દાવત આપવા એક માણસને મનુબર મોકલ્યો. તે આવ્યો ત્યારે મુન્શી સાહેબ કોઈ પ્રોગ્રામમાં બહાર જવાની તૈયારીમાં હતા એટલે એમ સમજીને કે બીજા લોકો આવે છે તેમ આ માણસ પણ કંઈ મદદ માંગવા આવ્યો હશે તેમણે એને હું અત્યારે બહાર જાઉં છું કહી આવતી કાલે આવવા જણાવ્યું. એમ કહી મુન્શી સાહેબ તો નીકળી ગયા પણ સાંજે પાછા આવ્યા ત્યારે પેલો માણસ હજી ઈંતેજાર કરતો ત્યાં જ બેઠો હતો. પ્રથમ તો હળવો ઠપકો આપ્યો કે ભાઈ! તું સવારથી અહીં આમ જ બેસી રહ્યો છે? પેલા માણસે નમ્રતાપૂર્વક પોતાના આવવાનું કારણ જણાવ્યું તો એ સાંભળી મુન્શી સાહેબને ઘણો પસ્તાવો થયો, તેની ખૂબ માફી માંગી અને રૂા. ૧૦,૦૦૦ની બક્ષીસ આપી તેને રવાના કર્યો.

૨. કોમનાં બાળકોને મુન્શી સંકુલમાં જ તેમને જોઈતા શિક્ષણની બધી જ સુવિધાઓ મળે એ માટે તેમણે ખર્ચ પાછળ કદી જોયું નથી. ટ્રસ્ટ દ્વારા ચાલતી ઈંગ્લીશ મીડિયમ સ્કૂલમાં ૧૧-૧૨ના વર્ગો કેમ ચલાવવામાં આવતા નથી એવું એમણે એક દિવસ પૂછ્યું તો મેં કહ્યું કે સાહેબ! એ ચાલુ કરવામાં દર વર્ષે ત્રીસેક લાખ રૂપિયાનો ખર્ચ ઉઠાવવો પડે એમ છે. તો તરતજ કહ્યું કે શું આપણા બાળકોને ધોરણ ૧૦ પછી રખડતા કરી દેવા? ખર્ચની ફિકર ન કરો. એ વર્ગો શરૂ કરી આપો.

આજે ૧૧-૧૨ વિજ્ઞાન પ્રવાહના અંગ્રેજી માધ્યમના બબ્બે વર્ગો ચાલે છે. કોમનાં બાળકો સારું ભણે અને પ્રગતિ કરી આગળ વધે એ માટે તેઓ હમેશાં ફિકરમંદ રહ્યા છે અને કેટલો ખર્ચ થશે તેની કદી ચિંતા કરી નથી.

# Low profile માં લપેટાયેલું High profile વ્યક્તિત્વ એટલે મુન્શી સાહેબ

*□ અહમદભાઈ વહાલુવાલા*

સેવાના ભેખધારી અને મોટા ગજાના આ માનવી માટે હિન્દુ મુસ્લિમ દરેક ગર્વ અનુભવે છે અને દરેકને તેમના માટે માન છે. હું ૧૯૯૪થી મુન્શી (મનુબરવાલા) મેમોરિયલ ચૅરિટેબલ ટ્રસ્ટ સાથે જોડાયેલો છું અને ત્યારથી એમના પરિચયમાં છું. ઉદાર સખાવત, નિખાલસ સ્વભાવ, મૃદુ હાસ્ય અને નૂરાની ચહેરા જેવી લાક્ષણિકતાઓ સાથે ભરૂચની ધરતીને પોતાની કર્મભૂમિ બનાવનાર, શૈક્ષણિક ક્રાંતિ લાવનાર, કન્યા કેળવણીને પ્રાધાન્ય આપનાર, સમાજની ઉગતી પેઢી માટે અનેક નવી ક્ષિતિજોનાં દ્વાર ખોલનાર, કચડાયેલા મુસ્લિમ સમાજને નવો ઓપ આપનાર આ એક કુશળ શિલ્પીએ લોકોનાં હૃદયમાં સ્થાન મેળવ્યું છે.

પોતે જૂનું સ્વેટર પહેરી ગરીબને નવું આપવા વિષેની એક વાત યાદ આવે છે. એક વાર મુન્શી સંકુલમાં અમે ટ્રસ્ટી મંડળ અને મૅનેજીંગ કમિટીના કેટલાક સભ્યો હળવી પળો માણી રહ્યા હતા ત્યારે કોઈકે મુન્શી સાહેબના જૂના સ્વેટર પર કોમેન્ટ કરી,

"કેટલા વરસોથી આ જૂનું સ્વેટર પહેરો છો? હવે તો બદલો..."
મુન્શી સાહેબે મલકાતા સ્વરે કહ્યું: "તો પછી આનું શું કરું?"
"કોઈ ગરીબને આપી દો, દુઆ લાગશે!"
જવાબમાં મુન્શી સાહેબે કહ્યું, "પણ ગરીબને જૂનું શું કામ આપું, નવું જ ન આપું?"

*મુન્શીના આકલનનું કામ હું પડતું મૂકું*
*માઈલોને કઈ રીતે માપી શકું હું વેંતથી*

# BOARD OF TRUSTEES OF MMMCT


| | | | |
|---|---|---|---|
|  |  |  |  |
| **Munavver Munshi** | **Aiyub Akuji** | **Suleman Patel** | **Naseem Munshi** |

| | | |
|---|---|---|
|  |  |  |
| **Ibrahim Saleh** | **Ishaque Munshi** | **Mustaq Munshi** |

| | | |
|---|---|---|
|  |  |  |
| **Salim Patel** | **Harun Patel** | **Ebrahim Bassa** |

| | | |
|---|---|---|
|  |  |  |
| **Mansur Mehta** | **Nisar Patel** | **Yunus Manjra** |

# અવસાન નોંધ: મોહમ્મદ મુન્શી

**જિંદગીનો એજ સાચેસાચ પડઘો છે 'ગની'**
**હોય ના વ્યક્તિ ને એનું નામ બોલાયા કરે**

મૂળ મનુબરના ધનાઢ્ય, દાનવીર, પરોપકારી, સ્વપ્નદ્રષ્ટા સદ્‌ગૃહસ્થ. મનુબરના જાણીતા, સંસ્કારી મુન્શી કુટુંબના સાહસિક ત્રણ ભાઈઓ પૈકીના સૌથી નાના. મોહમ્મદ મુન્શીનો જન્મ ૧૫મી મે ૧૯૩૧ના રોજ. સામાન્ય સ્થિતિમાંથી ઉન્નતિ કરી એમણે સફળતાનાં ઉચ્ચ શિખરો સર કર્યાં, સમાજસેવાની પ્રવૃત્તિઓ દ્વારા અનેક સંસ્થાઓને દાન દઈ નાણાકીય સહાય પૂરી પાડી અને પોતાની ઉદાર, અવિરત સખાવતથી પોતાના માટે અને મુન્શી કુટુંબ માટે *'ભરૂચી વહોરા પટેલોના હાતિમ તાઈ'*નું બિરૂદ મેળવ્યું. સાહસ, દૃઢ નિર્ધાર, ઉદ્યમશીલતા અને ખાસ તો અલ્લાહમાં અતૂટ શ્રદ્ધાના બળે એમણે દરેક ક્ષેત્રે મહાન સિદ્ધિઓ પ્રાપ્ત કરી. શૈશવકાળથી એમના પિતાજી એમના માટે આદર્શરૂપ હતા, અને સદા તેમની નમ્રતા તથા અન્યોને સહાયરૂપ થવાની ભાવનાના સિદ્ધાંતોને અનુસરવા પ્રયત્નશીલ રહેતા.

ભરૂચ ખાતે એમણે સ્થાપેલ મુન્શી વિદ્યાધામનો ટૂંકા ગાળામાં જ એટલો વિકાસ થયો કે, એમના મોટાભાઈ મર્હૂમ અબ્દુર્રહીમ મુન્શીએ કહેલું કે "આ તો એક ચમત્કારથી કમ નથી." વિવિધ શૈક્ષણિક, વ્યાવસાયિક તાલીમ અભ્યાસક્રમો અને ઇતર પ્રવૃત્તિઓ માટેની અદ્યતન સુવિધાઓથી સજ્જ આ સંકુલ ભરૂચ અને આસપાસના વિસ્તારોના હજારો વિદ્યાર્થીઓ માટે આશીર્વાદરૂપ છે.

મોહમ્મદ મુન્શી શુક્રવાર ૨૩મી નવેમ્બર ૨૦૧૮ના રોજ ૮૭ વર્ષની વયે આ નશ્વર દુનિયાને ત્યાગી અલ્લાહની રહેમતે પહોંચ્યા (ઇન્ના...). તેઓ મુન્શી કુટુંબની ઉદારદિલી અને સામાજિક નિસ્બતનો વારસો એમના પુત્રો **મુનવ્વર** અને **મુસ્તાક**ને આપતા ગયા. એમની સાદગી, નમ્રતા અને ગરીબો પ્રત્યેની અનુકંપાને લીધે તેઓ સર્વદા યાદ રહેશે.





***મેં અકેલા હી ચલા થા જાનિબે મંઝિલ મગર***
***લોગ સાથ આતે ગયે ઔર કારવાઁ બનતા ગયા***